Downloaded From : http://cbseportal.com

Class-X
Gujarati
Sample Question Paper -19

**Code No. 9**

## Instructions

* આ પ્રશ્નપત્રમાં 7 પાના છે તે તપાસી લેવું.
* આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં અવશ્ય લખવાનો રહેશે.
* આ પ્રશ્નપત્રમાં ૫ પ્રશ્નો છે કે કેમ તે તપાસી લેવું.
* પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.
* આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે અને 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે. આ 15 મિનિટ દરમ્યાન ઉત્તરો લખવા નહીં.
* Please check that this question paper contains 7 printed pages.
* Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
* Please check that this question paper contains 5 questions.
* Please write down the Serial Number of the question before attempting it.
* 15 minutes time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m. the students will only read the question paper and not write any answer on the answer-book during this period.

**ધોરણ – X [ 010 ]**

**સમય : ૩ કલાક** | **કુલ ગુણ : ૮૦**

**Time allowed :3 Hours** | **Maximum Marks: 80**



Downloaded From : http://cbseportal.com COURTESY : CBSE

Downloaded From : http://cbseportal.com

## SECTION –A
## (Advanced Reading Skill)

૧. (અ) **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** ૫

*ભારતની પ્રજાનો મને એટલો બધો પ્રેમ અને સ્નેહ મળ્યો છે કે હું ભલે ગમે તે કેમ ન કરું, તેનો જરા જેટલો પણ બદલો નહીં ચૂકવી શકું. સાચું તો એ જ છે કે પ્રેમ જેવી અમૂલ્ય વસ્તુનો બદલો ચૂકવી જ શકાતો નથી. હું તો કેવળ એવી આશા કરી શકું છું કે હવે હું જેટલાં વર્ષ જીવિત રહું, પોતાના દેશવાસીઓ અને તેમના પ્રેમને લાયક બની રહું. મારી ઈચ્છા છે કે મૃત્યુ પછી મારો અગ્નિસંસ્કાર કરવામાં આવે. જો હું વિદેશમાં મૃત્યુ પામું તો ત્યાં જ મારો અગ્નિસંસ્કાર કરવામાં આવે અને મારી ભસ્મ પ્રયાગ મોકલી દેવામાં આવે. ભસ્મની એક મુઠ્ઠી ગંગામાં વહેવડાવી દેવામાં આવે. ભસ્મનો શેષ ભાગ વિમાન દ્વારા એ ખેતરો પર વીખેરી દેવામાં આવે, જ્યાં ભારતના ખેડૂતો પોતાનો પરસેવો વહાવી રહ્યા છે, જેથી એ ભસ્મ ભારતની ધૂળ અને માટીમાં ભળીને ભારતનું અભિન્ન અંગ બની જાય. ગંગાતો ભારતની ખાસ નદી છે. તેના પર લોકોને અપાર શ્રદ્ધા છે. તેની સાથે ભારતની પોતાની સ્મૃતિઓ, આશાઓ અને તેની વિજયગાથાઓ જોડાયેલા છે. યુગો પુરાણી ભારતીય સંસ્કૃતિ સભ્યતાનું પ્રતીક રહી છે. આ ગંગા જે અનાદિ કાળથી વહેતી રહી છે તોપણ ગંગાની ગંગા જ બની રહી છે.*

(૧) લેખકના મનમાં ભારતની જનતા પ્રત્યે કેવી ભાવના રહેલી છે ?

(૨) લેખકે પોતાના અંતિમ સંસ્કાર વિશે કઈ ઈચ્છા પ્રગટ કરી છે ?

(૩) લેખકે પોતાની ભસ્મ વિશે શું કહ્યું છે ?

(૪) ગંગા પ્રત્યે લેખકની કેવી ભાવના છે ?

(૫) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(બ) **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** ૫

*નારી ઈશ્વરની દેન છે અને ઈશ્વરની દીકરી છે. ભગવાન પછી આપણે નારીના જ ઋણી છીએ - જિંદગી આપવા બદલ અને પછી જીવવાલાયક બનાવવા બદલ. તે માતાની જેમ આપણું રક્ષણ કરે છે તથા મિત્ર અને ગુરુની જેમ આપણને શુભ કાર્યો કરવા માટે પ્રેરણા આપે છે. નારીનાં ત્યાગ અને બલિદાન ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય મૂડી છે પરંતુ ઈશ્વરની પ્રવૃત્તિ અને ઈશ્વર દ્વારા કોઈ પણ નારી સાથે કરવામાં આવેલી ક્રૂર મજાક એ હોય છે, જ્યારે નારી સર્વેસર્વા માર્ગદર્શક, તેનો ભવિષ્ય નિર્માતા તેને આ અસીમ દુનિયામાં સાવ એકલી છોડીને અચાનક કાળનો કોળિયો બની જાય છે. વિધવા થઈ જતાં તેને જીવનભર બીજાઓને આશરે રહેવું પડે છે તથા દુનિયાના તમામ આનંદ પ્રમોદથી તેને વંચિત કરી દેવામાં આવે છે. આપણા દેશમાં હવે વિધવા વિવાહ થવા લાગ્યા છે, તે સંતોષજનક બાબત છે પરંતુ સમાજે આ પદ્ધતિનો સંપૂર્ણપણે સ્વીકાર કર્યો નથી. લોકો વિધવા સ્ત્રીને આપવામાં અને લેવામાં બંનેમાં સંકોચ અનુભવે છે. વિધવા વિવાહ એક ગૌરવની વાત છે, જે સમાજની શુદ્ધતા અને દેશની ઉન્નતિને માટે આવશ્યક છે.*

(૧) આપણે ભગવાન પછી અન્ય કોના ઋણી છીએ ?



Downloaded From : http://cbseportal.com COURTESY : CBSE

Downloaded From : http://cbseportal.com

(૨) નારીના જીવનની ઈશ્વર દ્વારા કરવામાં આવેલી સવિશેષ ક્રૂર મજાક કઈ છે ?

(૩) વિધવા વિવાહ કેમ આવશ્યક છે ?

(૪) વિધવા વિવાહ વિશે આપણો સમાજનો અભિગમ કેવો છે ?

(૫) સમાજની શુદ્ધતા અને દેશની ઉન્નતિ માટે શું આવશ્યક છે ?

(ક) **નીચેનું કાવ્ય વાંચી, સમજી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખોઃ** ૫

મેહુલિયો વંનવંન વરસ્યો જાય.
    રૂંવે રૂંવે તે રંગલ્હેર્યું ચડે રે,
એવી શોભે વસુંધરાની કાય.
પીળાં તે પાન કેરી ડમરી શમીને
    ભીની ધરતીની આવતી સુગંધ,
નીરવ એકાન્ત કેરી કુંજ મહી નાચતો
    ટહુકી રહેલ નીલકંઠ;
નવેલાં સરવરજલ છલકાય
નીડમાં ભીંજાય ભેળાં બેઠાં પારેવડાં
    તે પાંખની મધુર હૂંફ માણે,
પાંપણ પલકે ને નર્યો નીતરતો નેહ
    એની વાતને વણાય કેમ વાણે ?
રે ડોલંતી ડાળીઓમાં વ્યોમ વીંટળાય
હું રે ભીંજું છું મારા ખેતર મોઝાર,
    મારો શામળો ભીંજાય મારી સાંતી;
ચાંચ માંહી કંજફૂલ લેઈને ઊડે તે
    મારું હૈયું કે હંસની પાંતી !
ગોવાળિયો મોરલીમાં મનડું વાય.

(૧) મેહૂલો ક્યાં વરસે જાય છે ?

(૨) ડમરી કેવી શમી જાય છે ?

(૩) નીડમાં કોણ ભીંજાય છે ?

(૪) પાંપણ પલકે છે ત્યારે શું નીતરે છે ?

(૫) વ્યોમ ક્યા વીંટળાય છે ?



Downloaded From : http://cbseportal.com COURTESY : CBSE

Downloaded From : http://cbseportal.com

## SECTION –B

## (Effective Writing Skill)

૨. (અ) નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો. ૮

*(૧) વ્યાયામનું મહત્ત્વ*

*(૨) પર્યાવરણ*

*(૩) ટેલિવિઝનના લાભાલાભ*

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખો અને તેને યોગ્ય શીર્ષક લખો. ૬

*ભણવામાં મંદ છોકરો - એક જ ધોરણમાં બે વાર - નિષ્ફળતા મળી - આત્મહત્યા કરવા માટે જંગલમાં જવું - વાનરના એક બચ્ચાનો ઝાડ પર ચઢવા પ્રયત્ન - વારંવાર પડવું - અંતે સફળતા - બાળવાનર પાસેથી પ્રેરણા મળવી - છોકરાનો ઉત્સાહ - ઘેર પાછા ફરવું - અભ્યાસમાં લીન થવું - બોધ - શીર્ષક.*

(ક) તમારી સોસાયટીની પાસે ખડકાયેલા કચરાના ઢગલા દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરને પત્ર લખો. ૬

અથવા

વર્તમાનપત્ર વાંચવાથી શા લાભ થાય છે તે જણાવતો પત્ર મિત્રને લખો.

(ડ) રોગચાળો ફાટી નીકળ્યો છે તેને નિયંત્રણ કરવા માટેના ઉપાયો બનાવતો લેખ તૈયાર કરો. ૫

અથવા

'બેટી બચાવો' વિશે જાહેરાત બનાવો.

## SECTION –C

## (Applied grammar)

૩. (અ) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. ૩

*(૧) સોપાનો સર કરવાં*

*(૨) વાળ ધોળા થઈ જવા*

*(૩) બાજી બગડી જવી*

(બ) નીચે શબ્દોનો સંધિવિગ્રહ કરો. ૮

*(૧) દેવર્ષિ*

*(૨) હિતેચ્છુ*

(ક) (૧) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. ૨

*(૧) ચમત્કારિ વસ્તુને સાધવાનું કામ સહેલું નથી. (વિધિવાક્ય બનાવો.)*

*(૨) અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. (નિષેધવાક્ય બનાવો.)*

(૨) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. ૨

*(૧) તે સારા ટકાથી પરીક્ષામાં ઊતીર્ણ થયો. (પ્રશ્નાર્થ વાક્ય બનાવો.)*

*(૨) ખલાસીઓ ખૂબ જ જોખમી સાહસ ખેડે છે. (ઉદ્ગાર વાક્ય બનાવો.)*



Downloaded From : http://cbseportal.com COURTESY : CBSE

Downloaded From : http://cbseportal.com

(ડ) **લેખનરૂઢિ પ્રમાણે વાક્ય સુધારી ફરી લખો.** ૨

(૧) *કોરવો અને પાંડવો સાથે યુદ્ધ થયૂ હતૂં.*

(૨) *ભાશા અને સંસકુતી એક બિજાનિ સાથે શંકલાયેલિ છે.*

(ઈ) **કહેવત સમજાવો.** ૨

(૧) *દુકાળમાં અધિક માસ*

(૨) *અધૂરો ઘડો છલકાય ઘણો*

(ઈ) **સૂચના પ્રમાણે કરો.** ૨

(૧) *દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે. (અનુગ શોધીને લખો.)*

(૨) *મારો દીકરો કાયમ માટે અહીં પાછો આવી ગયો. (નામયોગી શોધીને લખો.)*

## SECTION –D

## (Literature)

૪. (અ) **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો.** ૩

*સહકારી મંડળીની સ્થાપના અંગેના વિચારબીજનું વાવેતર કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ હતા; તેના સ્વપ્નદૃષ્ટા હતા. ત્રિભુવનદાસ પટેલ અને તે સ્વપ્નના શિલ્પી હતા ડૉ. વર્ગીસ કુરિયન. લગભગ ચાર દાયકાઓ સુધી બંને એ ખભેખભો મિલાવી 'અમૂલ બ્રાન્ડ' ને સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધિ અપાવી. ત્રિભુવનદાસ ૩ જૂન ૧૯૯૪માં ૯૧ વર્ષની વયે અવસાન પામ્યા ત્યાં સુધી વિવિધ સહકારી ક્ષેત્રોમાં એકાધિક હોદ્દાઓ ઉપર કાર્યરત રહ્યા. ત્રિભુવનદાસને 'કૉમ્યુનિટી લીડરશીપ' માટે ફિલિપાઈન્સનો રેમન મેગ્સેસે એવૉર્ડ આપવામાં આવ્યો. ઈ.સ. ૧૯૬૪માં ભારત સરકાર તરફથી પદ્મભૂષણ એવોર્ડ આપવામાં આવ્યો. આ ઉપરાંત નાના-મોટા અનેક એવૉર્ડ માન-સન્માન અને હોદ્દાઓ તેમને તેમની સેવાકીય પ્રવૃત્તિઓ માટે મળ્યા હતા.*

(૧) *સરદાર વલ્લભભાઈ પટેલે શાનું વાવેતર કર્યું હતું ?*

(૨) *ત્રિભુવનદાસને કયો એવૉર્ડ આપવામાં આવ્યો હતો ?*

(૩) *ત્રિભુવનદાસે ચિરવિદાય ક્યારે લીધી હતી ?*

(બ) **નીચેનામાંથી કોઈપણ બે વિધાનો માટે કારણો આપો.** ૪

(૧) *સ્ટેશનેથી ગાડી ઉપડતાં પહેલાં ભદ્રંભદ્રએ પાણી પીધું.*

(૨) *ભારત દેશના લોકો સામાન્ય રીતે હૉટેલમાં વધારે ખોરાક મંગાવે છે.*

(૩) *સૂર્યને જોવા માટે લેખક મહાબળેશ્વર કરતાં આબુ જવું પસંદ કરે છે.*

(ક) **નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો.** ૪

(૧) *કાન્તિની પત્ની રમા તેના સાસુ વિશે કેવો ભાવ રાખતી હતી ?*

(૨) *દીપક કેવી રીતે ઘવાયો ?*

(૩) *મરણ પથારીએ પડેલા કાનજીનો જીવ શા માટે નીકળતો ન હતો ?*



Downloaded From : http://cbseportal.com COURTESY : CBSE

Downloaded From : http://cbseportal.com

(ડ) **નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો વિસ્તૃત જવાબ લખો.** ૪

*(૧) 'શરણાઈના સૂર' કૃતિને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.*

*(૨) બલાઈ ક્યું વૃક્ષ ન કાપવાની વિનંતી કરે છે ? શા માટે ?*

૫. (અ) **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** ૨

*જીવન અંજલિ થાજો,*
*મારું જીવન અંજલિ થાજો !*
*ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો;*
*દીન-દુઃખિયાનાં આંસુ લો'તા અંતર કદી ન ધરાજો !*
*મારું જીવન અંજલિ થાજો !*
*સત્‌ની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો;*
*ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !*
*મારું જીવન અંજલિ થાજો !*
*વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;*
*હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !*
*મારું જીવન અંજલિ થાજો !*

**પ્રશ્નો**

*(૧) કવિ ભૂખ્યાં અને તરસ્યાં માટે શું બનવાનું ઈચ્છે છે ?*

*(૨) કવિ દરેક સ્પંદને શું ઈચ્છે છે ?*

(બ) **નીચેનો કાવ્યાંશ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** ૨

*પિંજરાનું બારણું ખોલીને*
*પંખીને કહેવામાં આવ્યું,*
*હવે તું મુક્ત છે*
*પંખીએ બહાર નીકળીને*
*માણસ સામે જોયું અને*
*પાછું પિંજરામાં ભરાઈ ગયું.*

*(૧) પિંજરાનું બારણું ખોલીને પંખીને શું કહેવામાં આવ્યું ?*

*(૨) પંખીએ માણસ સામે જોઈને શું કર્યું ?*

(ક) **નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.** ૨

*(૧) બીજાના દુઃખે દુઃખી થવાની સંવેદનાને કવિ શું કહીને સમજાવે છે ?*

*(૨) 'દીવાનખાનામાં' કાવ્યના અંતે નાયિકા કેવો મનોભાવ અનુભવે છે ?*



Downloaded From : http://cbseportal.com COURTESY : CBSE

Downloaded From : http://cbseportal.com

(૬) **નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોનો એક-એક વાક્યમાં જવાબ લખો.** ૪

*(૧) કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે ?*

*(૨) વર્ષાના આગમન પહેલાંની પરિસ્થિતિ અને આગમન પછીની પરિસ્થિતિની તુલના કવિ કોની સાથે કરે છે ?*

*(૩) કવિને અજાણી વ્યક્તિના હાથમાં હાથ મેળવી શું મેળવવાની ખેવના વ્યક્ત કરવામાં આવી છે ?*

*(૪) ગોપીએ મા-બાપને શાથી એકલાં મૂક્યાં ?*

*(૫) દાનનો મહિમા કવિ ક્યા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?*

* * * * *



Downloaded From : http://cbseportal.com COURTESY : CBSE